પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૮૩ | ૨૪ ડિસેમ્બર, ૨૦૧૮, સોમવાર; માગશર વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### દેશનો સૌથી લાંબો ડબલ ડેકર પુલ તૈયાર

ભારતનો સૌથી લાંબો રેલ-રોડ બ્રિજ ૨૧ વર્ષે તૈયાર થયો અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેનું મંગળવારે ઉદ્ઘાટન કરશે. રેલ-રોડ બ્રિજ એટલે કે નીચે રેલ્વેના પાટા અને ઉપર રોડ એમ રેલ-રોડ બ્રિજ ૪.૯૪ કિલોમીટર લાંબો છે. અટલ બિહારી વાજપાયી જ્યારે વડાપ્રધાન હતા ત્યારે આ બ્રિજનું ખાતમુહૂર્ત થયુ હતું.

### ખૂંખાર આતંકી ઝાકિર મૂસા રાજસ્થાનમાં દેખાયો

આતંકવાદી સંગઠન ગઝવત ઉલ હિંદના ચીફ ઝાકીર મૂસાની તલાશમાં ભારતની જાસૂસી સંસ્થાઓ આકાશ પાતાળ એક કરી રહી છે.

ઝાકીર મૂસા રાજસ્થાનના શ્રીગંગાનગર જિલ્લામાં હોઈ શકે છે તેવી બાતમીના આધારે પોલીસને એલર્ટ કરી દેવાઈ છે.

# ઈન્ડોનેશિયામાં વિનાશક સુનામી

**સુનામીથી ૨૫૦થી વધુના મોત, હજારો ઘાયલ, સેંકડો લાપત્તા : અભૂતપૂર્વ નુકસાન થયું : ૨૦૦૪માં ઇન્ડોનેશિયામાં આવેલા ભૂકંપ બાદ સુનામીથી બે લાખથી વધુના મોતની યાદ ફરી એકવાર તાજી : જ્વાળામુખી ફાટતા સુનામી મોજાથી તબાહી**



જાકાર્તા, તા. ૨૩

ઈન્ડોનેશિયાના જ્વાળામુખી દ્વિપ સુંડામાં આજે ફરી એકવાર વિનાશકારી સુનામીનું મોજુ ફરી વળ્યું હતું જેના કારણે અભૂતપૂર્વ નુકસાન થયું છે. સુનામીથી મોતનો આંકડો ૨૫૦થી પણ ઉપર પહોંચી ચુક્યો છે જ્યારે ઘાયલ થયેલા લોકોની સંખ્યા હજારોમાં આંકવામાં આવી રહી છે. આજના સુનામી મોજાની સાથે જ વર્ષ ૨૦૦૪માં ઈન્ડોનેશિયામાં આવેલા ભૂકંપ બાદ સુનામીથી થયેલા નુકસાનની યાદ તાજી થઈ હતી. તે વખતે ભૂકંપ અને સનામીમાં આશરે બે લાખથી વધુ લોકોના મોત થઈ ગયા હતા. દુનિયાની સૌથી મોટી હોનારત પૈકી એક તરીકે આને ગણવામાં આવે છે. આજે સવારે દરિયાની નીચે જ્વાળામુખી અને વિશાળ શીલાઓ સરકવાના લીધે સુનામીની લહેરો ઉઠી હતી જેમાં ૨૫૦થી પણ વધુ લોકોના મોત થઈ ગયા હતા. ઘાયલોની સંખ્યા હજારોમાં છે. રિંગ ઓફ ફાયરમાં સ્થિત હોવાના કારણે ઈન્ડોનેશિયામાં દુનિયામાં સૌથી વધારે ભૂકંપ અને સુનામી આવે છે.

● અનુસંધાન પાન-૭ પર

## પરમાણુ સક્ષમ અગ્નિ-૪ મિસાઈલનું સફળ પરિક્ષણ

**૪૦૦૦ કિલોમીટર સુધી ત્રાટકવામાં સક્ષમ : અગ્નિ-૫ મિસાઈલ પરીક્ષણ બાદ હવે અગ્નિ-૪નું સફળ રીતે પરીક્ષણ થયું : અગ્નિ-૬ પર પણ કામ ચાલી રહ્યું છે**



બેલાસોર, તા. ૨૩

ભારતે આજે પરમાણુ સક્ષમ સ્ટ્રેટેજીક મિસાઈલ અગ્નિ-૪નું સફળ પરીક્ષણ કર્યું હતું. આ મિસાઈલની રેન્જ ૪૦૦૦ કિલોમીટરની છે. પરમાણુ હથિયારોથી સજ્જ બેલાસ્ટીક મિસાઈલ-૫ના પરીક્ષણ બાદ હવે ચારનું પરીક્ષણ કરવામાં આવ્યું છે. ભારત દ્વારા અગ્નિ-૬ ઉપર પણ કામ કરવામાં આવી રહ્યું છે. હાલમાં ચીનની મિસાઈલ અને પરમાણુ ક્ષમતા ભારત કરતા ખૂબ વધારે હોવા છતાં ભારતે તેની ક્ષમતામાં સતત વધારો કર્યો છે. ઓરિસ્સાના દરિયાકાંઠે બાલાસોરથી આ મિસાઈલનું સફળતાપૂર્વક પરિક્ષણ કરવામાં આવ્યુ હતુ. પરિક્ષણ કરવામાં આવ્યુ ત્યારે ટોચના સંરક્ષણ વૈજ્ઞાનિકો અને ડીઆરડીઓના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઈન્ટેગ્રેટેડ ટેસ્ટ રેન્જના ડિરેક્ટરે માહિતી આપતા કહ્યુ હતુ કે ટેસ્ટ ફાયરિંગને સંપૂર્ણપણે સફળતા મળી છે. આ મિસાઈલની સંપૂર્ણ રેન્જ અમલી રહી હતી. આ મિસાઈલમાં અતિઆધુનિક સુવિધાઓ રહેલી છે.

# બિહારમાં ભાજપ-જેડીયુ વચ્ચે બેઠકોની સમજૂતિ

**ભાજપ-જેડીયુ ૧૭-૧૭ બેઠક પર અને એલજેપી ૬ બેઠકો પર ચૂંટણી લડવા અંતે સંમત : બિહારમાં બેઠકોની વહેંચણીને લઇને ચાલી રહેલી ખેંચતાણનો અંત : અમિત શાહના આવાસ પર નીતિશકુમાર અને રામવિલાસ પાસવાનની થયેલી બેઠક**

નવીદિલ્હી, તા. ૨૩

બિહારમાં ૨૦૧૯ લોકસભા ચૂંટણીને લઈને એનડીએમાં બેઠકોની વહેંચણીની જાહેરાત કરી દેવામાં આવી છે. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી પ્રવર્તી રહેલા સસ્પેન્સનો અંત આવી ગયો છે. આજે દિલ્હીમાં યોજાયેલી બેઠકમાં બિહારના મુખ્યમંત્રી નિતીશકુમાર, એલજેપીના નેતા રામવિલાસ પાસવાન ઉપસ્થિત રહ્યા હતા. તમામ પ્રકારના વિવાદો અને મતભેદોને દૂર કરી લેવામાં આવ્યા હતા. બેઠકોની વહેંચણીની ફોર્મ્યુલા મુજબ ભાજપ અને જેડીયુ ૧૭-૧૭ સીટો ઉપર ચૂંટણી લડશે જ્યારે એલજેપી છ સીટો ઉપર ચૂંટણી લડનાર છે. આની સાથે જ એલજેપીને છ સીટો મળી ગઈ છે. આજે પત્રકાર પરિષદમાં ભાજપ પ્રમુખ અમિત શાહે આ અંગેની જાહેરાત કરી હતી. અમિત શાહના આવાસ ઉપર યોજાયેલી બેઠક બાદ ભાજપ, જેડીયુ અને એલજેપીની સંયુક્ત પત્રકાર પરિષદ યોજાઈ હતી. બેઠકમાં નીતિશકુમાર, કેન્દ્રીયમંત્રી રામવિલાસ પાસવાન, તેમના પુત્ર સાંસદ ચિરાગ પાસવાન પણ ઉપસ્થિત રહ્યા હતા. આ ઘોષણા બાદ અમિત શાહે ૨૦૧૯માં ૨૦૧૪ કરતા પણ વધારે સીટો જીતવાનો દાવો કર્યો હતો. નીતિશકુમારે પણ કહ્યું હતું કે, એનડીએ બિહારમાં ૨૦૧૯માં વધારે સીટો જીતશે.

આવાસ ઉપર બેઠક બાદ અમિત શાહે કહ્યું હતુંકે, લાંબી ચર્ચા બાદ એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે, ભાજપ અને જેડીયુ ૧૭-૧૭ સીટો ઉપર ચૂંટણી લડશે જ્યારે એલજેપી ૬ લોકસભા સીટો ઉપર ચૂંટણી લડશે. રામવિલાસ પાસવાનને આગળ આવનાર રાજ્યસભા ચૂંટણીમાં એનડીએના ઉમેદવાર બનાવવામાં આવશે. ભાજપ અધ્યક્ષે કહ્યું હતું કે, એનડીએની તાકાતને ધ્યાનમાં લઈને ત્રણેય પાર્ટીઓએ નિર્ણય લીધો છે.

# જસદણમાં કોંગ્રેસે ગુમાવ્યો 'અવસર'

**જસદણ પેટા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર કુંવરજી બાવળીયા ૧૯૯૭૯ મતે વિજયી : ભાજપે જસદણ સીટ જીતતાં જ વિધાનસભામાં આંકડો ૧૦૦ પર પહોંચ્યો, ભાજપે વિજય બાદ વિજય સરઘસ કાઢી શક્તિપ્રદર્શન કર્યું**

અમદાવાદ,તા. ૨૩

ગુજરાતમાં જસદણ



વિધાનસભા પેટાચૂંટણીના પરિણામ આજે જાહેર કરવામાં આવ્યા હતા. જસદણ વિધાનસભાની પેટાચૂંટણીમાં ભાજપે શાનદાર જીત મેળવી હતી. ભાજપના કુંવરજી બાવળિયાએ જીત મેળવી ભાજપની પ્રતિષ્ઠામાં વધારો કર્યો હતો. આ જીતની સાથે જ ભાજપની વિધાનસભાની સીટોની સંખ્યા વધીને ૧૦૦ ઉપર પહોંચી ગઈ છે. ભાજપના કુંવરજી બાવળિયાને ૯૦૨૬૨ મત મળ્યા હતા આની સાથે જ બાવળિયાએ ૧૯૯૭૯ મતે ભવ્ય જીત મેળવી હતી. અવસર નાકિયાને ૭૦૨૮૩ મત મળ્યા હતા. અન્ય પાર્ટીના ઉમેદવારોએ ડિપોઝિટ ગુમાવી હતી. છ ઉમેદવારોએ ડિપોઝિટ ગુમાવી દીધી હતી. આ પ્રતિષ્ઠિત જંગના પરિણામ પર તમામનું ધ્યાન કેન્દ્રિત થઈ ગયું હતું. બાવળિયા ઉપર કમળ ખિલતા ભાજપના કાર્યકરોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. બીજી બાજુ અવસર નાકિયાની હાર સાથે કોંગ્રેસે એક અવસર ગુમાવી દીધો હતો. ગુજરાતના રાજકારણમાં પ્રતિષ્ઠાભર્યા અને ઈજ્જતના સવાલ સમા જંગમાં ભાજપે ફરી એકવાર તેનો દબદબો પ્રસ્થાપિત કર્યો હતો અને ભાજપના કુંવરજી બાવળિયાએ જસદણ વિધાનસભાની પેટા ચૂંટણીમાં તેમના પ્રતિસ્પર્ધી કોંગ્રેસના ઉમેદવાર અવસર નાકિયાને આંચકાજનક હાર આપી હતી. ચૂંટણી પંચ દ્વારા જસદણ પેટાચૂંટણીના પરિણામો જાહેર થયા છે. જેમાં ભાજપના ઉમેદવાર અને કેબિનેટ મંત્રી કુંવરજી

● અનુસંધાન પાન-૭ પર

### અવસર નાકિયાને પોતાના ગામ આસલપુરમાંથી માત્ર ૫૧૪ મત મળ્યા

જસદણ,તા.૨૩

જસદણ પેટાચૂંટણીમાં ભાજપનો વિજય થયો છે જ્યારે કોંગ્રેસની હાર થઈ છે. કોંગ્રેસના ઉમેદવાર અવસર નાકિયાને પોતાના આસલપુર ગામમાંથી જ સાથ મળ્યો નહોતો. આસલપુર ગામમાંથી નાકિયાને ૫૧૪ મત મળ્યા છે જ્યારે બાવળિયાને ૭૬૪ મત મળ્યા છે. આથી ગામમાં જ નાકિયાનું વર્ચસ્વ ન હોય તેવું સાબિત થઈ રહ્યું છે. આસલપુરમાંથી બાવળિયાને નાકિયા કરતા ૨૫૦ મત વધારે મળ્યા છે.કુંવરજી બાવળિયાનું નાકિયાના ગામમાં સારૂ એવું પ્રભુત્વ છે. ગામના લોકોના મત અંકે કરવામાં નાકિયા નિષ્ફળ નીવડ્યા હોય તેવો ઘાટ જોવા મળી રહ્યો છે.

### કોને કેટલા મત મળ્યા

| ઉમેદવારનું નામ | મળેલા મત |
|---|---|
| અવસર નાકિયા (કોંગ્રેસ) | ૭૦૨૮૩ |
| કુંવરજી બાવળિયા (ભાજપ) | ૯૦૨૬૨ |
| ધરમશીભાઈ રામજીભાઈ (વીપીપી) | ૭૫૫ |
| પટેલ દિનેશભાઈ (એનબીએનએમ) | ૨૧૩ |
| ચિત્રોડા નાથાલાલ (અપક્ષ | ૧૪૪ |
| ભેંસજાળિયા મુકેશભાઈ (અપક્ષ) | ૧૯૮ |
| મધુ નિરુપાબેન (અપક્ષ) | ૩૩૧ |
| માંકડિયા ભરતભાઈ (અપક્ષ) | ૯૯૩ |
| નોટા | ૨૧૪૬ |

## સબરીમાલામાં પુનઃ પરિસ્થિતિ વણસી

થિરુવંતનપુરમ, તા. ૨૩

કેરળના સબરીમાલા મંદિરમાં ફરી એકવાર પ્રતિબંધિત વયની મહિલાઓને દર્શન વગર પરત ફરવાની ફરજ પડી છે. ચેન્નાઈ સ્થિત સંગઠન તરફથી રહેલી મહિલાઓ આજે દર્શન કરવા માટે પહોંચી હતી પરંતુ ૧૧ મહિલાઓને અયપ્પાના શ્રદ્ધાળુઓના તીવ્ર વિરોધ બાદ દર્શન વગર જ પરત ફરવાની ફરજ પડી હતી. સઘન સુરક્ષા માટે પોલીસની ટીમની સાથે આ મહિલા ટુકડી બેઝકેમ્પથી પરત ફરી હતી.

જન્મજાત હોઠ અને તાળવાની ખોડખાંપણ
ફ્રી કેમ્પ
દર ગુરૂવારે
જાજુ પ્લાસ્ટીક સર્જરી સેન્ટર
હિન્દુ કોલોની પાછળ, સ્ટેડીયમ, નવરંગપુરા, અમદાવાદ. ટે: ૨૬૪૦ ૪૯૯૦ - ૨૬૪૦ ૪૯૯૧
સૌજન્ય :
SMILE TRAIN (USA) & Jaju Plastic Surgery Foundation

બેસણું (પઘડી)
દુઃખદ સાથે જણાવવાનું કે, અમારા બહેન મંગતાણી કમલાબેન શિત્તલદાસ (કમલ બ્યુટી પાર્લર)નું તા. ૨૨-૧૨-૨૦૧૮ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૨૪-૧૨-૨૦૧૮ને સોમવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.
સ્થળ : પ્લોટ નં. ૬૬૧-૧, કિશાનનગર, ખ-૭ સર્કલ પાસે, સેક્ટર-૨૬, ગાંધીનગર
લિ.
રમેશભાઈ શિત્તલદાસ મંગતાણી (ભાઈ) | ઘનશ્યામભાઈ શિત્તલદાસ મંગતાણી (ભાઈ)
મોહનભાઈ શિત્તલદાસ મંગતાણી (ભાઈ) | નરેશભાઈ શિત્તલદાસ મંગતાણી (ભાઈ)
ગુરૂમુખભાઈ શિત્તલદાસ મંગતાણી (ભાઈ) | જીતેન્દ્રભાઈ શિત્તલદાસ મંગતાણી (ભાઈ)
સમસ્ત મંગતાણી પરિવાર
જય હિંગળાજ સાયકલ સ્ટોર્સ - સેક્ટર-૧૬ મો. ૯૮૨૪૧૫૪૩૬૮

MERRY Christmas
Plum Cake
Fruit sponge Cake
Chocolate Sponge Cake
Prem Ni Mithaas
Buy Sweets Online on premnimithaas.com
SECTOR - 11 | SECTOR - 21 | SECTOR - 29,(GH6.) | RAISAN | KUDASAN

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

શિવાલય ફાર્મ & પાર્ટી પ્લોટ
મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ ડે પાર્ટી, ગેટ ટુ ગેધર તથા શુભ પ્રસંગ માટે
તમામ પ્રકારના પ્રસંગો માટે વિશાળ ૧,૨૫,૦૦૦ સ્કવેરફુટનો મેક્શીકન લોન એરીયા
શિવમ્ કેટરર્સ એન્ડ રાજેશ્વરી ગ્રુપ & ઈવેન્ટ્સ
સિધ્ધી વિનાયક ફાર્મ & પાર્ટી પ્લોટ
૧૫૦૦ મહેમાનોની ક્ષમતા વાળો પાર્ટીપ્લોટ, ૫૦૦૦૦ સ્કવેરફુટ લોન એરીયા
ક-૭, રાંધેજા રોડ, વસંત વગડાની સામે, ગાંધીનગર.
www.shivalayfarm&partyplot.com | shivalayfarm&partyplot@gmail.com
૧૦૦૦ થી ૮૦૦૦ મહેમાનોની ક્ષમતા વાળો વિશાળ પાર્ટી પ્લોટ
ડિઝાઈન થીમ ડેકોરેટીવ એન્ટ્રી વિથ ફ્લાવર
વર-કન્યા પક્ષ માટે એ.સી. રૂમોની સગવડ
૮૦૦ થી વધારે કાર માટે પાર્કીંગ વ્યવસ્થા
ગાંધીનગર શહેરથી તદ્દન નજીક
અદ્યતન કિચન વ્યવસ્થા
બુકિંગ ચાલુ છે
આ બધી સુવિધા અમારા પાર્ટી પ્લોટના પેકેજમાં મળશે.
વાઘેલા ઘનશ્યામસિંહ એમ. 98250 22173 | વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. 98256 04575 | ચાવડા અનિરુધ્ધસિંહ 98981 85149
ક-૭, વસંતવગડોની સામે, ગાંધીનગર-રાંધેજા રોડ, ગાંધીનગર